**રે.દિ.મુ.નં.૩૩/૨૦૧૪.**

**વાદીની આંક–૫ ની મનાઈ હુકમ મેળવવાની અરજી લગત હુકમ.**

વાદીની મનાઈઅરજીની ટુંકમાં હકીકત એવી છે કે,

(૧) મોજે ગામ ખેડા તા.જી.ખેડાની સીમની જમીન (૧) સ.નં.બ્લોક નં.૮૧૪/૨ ક્ષેત્રફળ ૦–૧૯ ગુંઠા, (૨)સર્વે નં. બ્લોક નં.૮૯૦/૨ ક્ષેત્રફળ હે.૦૦.૦૯ ગુંઠા (૩)સ.નં.બ્લોક નં.૯૦૫ હે.એ.૪–૦૦ ગુંઠા (૪)સર્વે નં,બ્લોક નં. ૧૮૮૫ ક્ષેત્રફળ એ.૨–૩૬ ગુંઠા તથા (૫) સર્વે નં., બ્લોક નં.૧ ૮૮૬ ક્ષેત્રફળ એ. ૬–૨૧ ગુંઠા તથા (૬)સર્વે, બ્લોક નં.૧૮૯૦ ક્ષેત્રફળ એ.૧–૦૪ ગુંઠા (૭)સર્વે નં, બ્લોક નં.૧૮૮૭ એ.૦–૨૯ ગુંઠા એમ કુલ જમીન એ.૧૫–૩૮ ગુંઠાવાળી ખેતીની જમીનો આવેલી છે. સદર જણાવેલી જમીનો અમો વાદીઓ તથા આ કામના પ્રતિવાદીઓની સહીયારી વણ વહેંચાયેલી છે. જે જમીન અમો વાદીના મૈયત પિતા હીરાભાઈ હરખાભાઈ સોમાભાઈ મકવાણા તથા અમારા માતૃશ્રી વાલીબેન હરખાભાઈ મકવાણાની આવેલી છે. આ કામના પ્રતિવીઓએ અમો વાદીનું નામ ફેરફાર નોંધ નં.૧ ૫૬૪૮ તા.૨૮/૫/૨૦૦૭ નારોજ વારસાઈની નોંધમાં અમો મૈયત હરખાભાઈ સોમાભાઈ મકવાણાના કાયદેસરના વારસદાર હોવા છતાં વારસદાર તરીકે દાખલ નહી કરી અમારું નામ કઢાવી નાંખી તથા અમોએ અમારી ઉપરોકત જણાવેલ મીલકતમાં આવતો અલગ હીસ્સો કાઢી આપવાનો પ્રતિવાદીએ ઈન્કાર આજથી દસેક ઉપર કર્યો ત્યારથી થાય તે કરી લેવાની ધાક ધમકીઓ આપી ત્યારથી અરજીનું કારણ ઉત્પન્ન થયેલ

છે તે હાલ જારી છે. અમો વાદીનો પ્રાયમાંફેસી કેસ છે. તથા બેલેન્સ ઓફ કન્વીનીયન્સ પણ અમો વાદીના લાભમાં છે તથા સગવડ અગવડનો સવાલ અમો વાદી પક્ષે છે. અમો વાદીને માંગ્યા મુજબનો મનાઈ હુકમ આપવામાં આવે તો પ્રા.વાદીઓને કોઈ નુકશાન જાય તેમ નથી. જો મનાઈ હુકમ આપવામાં ના આવે તો ઘણું નુકશાન થાય તેમ છે માટે અમો વાદીની મનાઈ અરજી મંજુર કરવાને પાત્ર છે. તેમ જણાવી સબબ દાદ માંગેલ છે કે, ઉપરોકત મનાઈ અરજીના પેરા–૧ માં જણાવેલી આ કામના પ્રતિવાદીઓ બીજા કોઈને વેચાણ, ગીરો કે અન્ય રીતે ટ્રાન્સફર કરે, કરાવે નહી તથા દાવાવાળી જમીનમાં આવેલ ઝાડો બીજા કોઈને વેચાણ કરે કરાવે નહી કે ઝાડો કાપે કપાવે નહી તથા દાવાવાળી જમીન ઉપર કોઈ બોજો ઉત્પન્ન કરે કરાવે નહી તેવો પ્રતિવાદીઓ તથા તેમના માણસો, નોકરો, એજન્ટો, એસાઈનીઓ વિરુઘ્ઘ તાકીદનો કામ ચલાઉ મનાઈહુકમ આપશોજી. તથા આપ નામદાર કોર્ટને યોગ્ય લાગે તેવી હરકોઈ દાદ આપશો તથા આ અરજીનું ખર્ચ અપાવશો.

(૨) આ દાવાનો સમન્સ/નોટીસ પ્રા.વાદીઓને ધોરણસર બજવણી થઈ ગયેલ છે. પ્રા.વાદીઓએ આંક– થી પોતાનો લેખિત જવાબ આપેલ છે. જેમાં વાદીની દાવા અરજી તથા મનાઈઅરજીમાં જણાવેલ હકીકતનો મહદઅંશે ઈન્કાર કરી વધુમાં ખરી હકીકતે જણાવેલ છે કે, દાવાવાળી મીલકતની તા.૧૭/૧૧/૮૧ ના રોજ ઘરમેળે વહેંચણી કરવામાં આવેલ તે મુજબ તા.૨૨/૧/૮૨ ના રોજ ફેરફાર નોંધ નં.૧૧૨૧૫ થી તા.૨૨/૧/૮૨ ના રોજ મંજુર કરવામાં આવેલ છે અને ત્યારથી વહેંચણી મુજબ સૌ સૌનો કબજો ભોગવટો આવેલ છે. તે મુજબ દાવાવાળી મીલકતનો પ્રત્યક્ષ કબજો ભોગવટો અમો પ્રતિવાદીઓનો છે અને હાલ પણ સદર જમીનનો અમો પ્ર

તિવાદીઓ દર સાલ ખેડીને ઉપજ મેળવીએ છીએ. આમ, વાદીનો દાવો સમય મર્યાદા બહારનો છે તેમજ આ દાવો આપ નામદાર કોર્ટને ચલાવવાની હકુમત કે અધિકાર આવેલ નથી. ફકત ટેનન્સી કોર્ટને અધિકાર આવેલ છે. વાદીઓએ જાણીબુઝીને અમો પ્રતિવાદીઓને હેરાન કરવા તેમજ ખોટા ખર્ચમાં ઉતારવા માટે આ દાવો કરેલ છે. વાદીઓનો દાવાવાળી મીલકત ઉપર કયારે અને કદાપી હકક અધિકાર હતો નહી અને છે નહી. છતાં પણ હાલ જમીનનોના ભાવ વધેલા હોવાથી વાદીની દાનત બગડી હોવાથી અમો પ્રતિવાદીઓની જમીન પચાવી પાડવા માટે અને ખોટા ખર્ચમાં ઉતારવા માટે ખોટો દાવો કરેલ છે. વાદીએ તેમના ભાગમાં આવતી મીલકત જમીન વેચી મારેલ છે અને ફેરફાર નં.૧૫૬૪૮ તા.૨૮/૫/૨૦૦૭ નારોજ પાડવામાં આવેલ છે. જેથી આ એન્ટ્રી રદ્દ કરવા માટે રેવન્યુ કોર્ટને હકુમત છે. આ કોર્ટને હકુમત નથી. જેથી વાદીનો દાવો ખર્ચ સાથે રદ્દ કરવા વિનંતી છે.

(૩) વાદી તરફે આંક–૩ ના લીસ્ટથી ની.૩/૧ થી ૩/૧૬ સુધીના દસ્તાવેજી પુરાવાઓની ઝેરોક્ષ રજુ કરેલ છે. જે વંચાણે લીધી.

(૪) પ્રતિવાદીઓ તરફે આંક–૧૬ ના લીસ્ટથી ની.૧૬/૧ થી તા.૧૬/૧૨/૮૧, ફે.ફા.નોંધ નં.૧૧૨૧૫ ની વહેંચણ બાબતે પાડવામાં આવેલ નોંધની ઝેરોક્ષ નકલ રજુ કરેલ છે. જે વંચાણે લીધી.

(૫) વાદીના વિ.વકીલશ્રી બી.એન.જાદવની આંક–૧૭ થી લેખિત દલીલો વંચાણે લીધી. જયારે પ્રા.વાદીના વિ.વકીલશ્રીપી.બી.પરીખની મૌખિક દલીલો સાંભળી.

(૬) સદર મનાઈઅરજીના ન્યાય–નિર્ણય સારું મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

।૧। શું વાદી સાબીત કરે છે કે, તેઓનો પ્રથમ દર્શનીય કેસ છે?

।૨। શું વાદી સાબીત કરે છે કે, બેલેન્સ ઓફ કન્વીનીયન્સનું ધોરણ તેઓની તરફેણમાં છે?

।૩। શું વાદી સાબીત કરે છે કે, માંગ્યા મુજબનો મનાઈહુકમ ન આપવાથી તેઓને નાણાંથી ભરપાઈ ન થઈ શકે તેવું નુકશાન થવા સંભવ છે?

।૪। શું હુકમ?

(૭) ઉપરોકત મુદ્દાના મારા નિર્ણયો નીચે મુજબ છે.

।૧। નકારમાં
।૨। નકારમાં
।૩। નકારમાં
।૪। આખરી હુકમ મુજબ.

(૮) ઉપરોકત નિર્ણયો અંગેના મારા કારણો નીચે મુજબ છે.

**–:: કા ર ણો ::–**

**<u>મુદ્દા નં.૧ થી ૩ અન્વયે :–</u>**

(૯) આ કામે મુદ્દા નં.૧ થી ૩ ની હકીકતો એકબીજા સાથે સંકળાયેલા હોય હકીકતોનું પુનરાવર્તન અટકાવવા આ તમામ મુદ્દાની ચર્ચા એક સાથે કરવામાં આવે છે. વાદીના વિ.વકીલશ્રી બી.એન.જાદવ આંક–૧૭ ની લેખિત દલીલો રજુ કરતા જણાવે છે કે, મોજે ગામ ખેડા તા.જી.ખેડાની સીમની જમીન (૧) સ.નં.બ્લોક નં.૮૧૪/૨ ક્ષેત્રફળ ૦–૧૯ ગુંઠા, (૨)સર્વે નં. બ્લોક નં.૮૯૦/૨ ક્ષેત્રફળ હે.૦૦.૦૯ ગુંઠા (૩)સ.નં.બ્લોક નં.૯૦૫ હે.એ.૪–૦૦ ગુંઠા (૪)સર્વે નં,બ્લોક નં. ૧૮૮૫ ક્ષેત્રફળ એ.૨–૩૬ ગુંઠા તથા (૫) સર્વે નં., બ્લોક નં.૧૮૮૬ ક્ષેત્રફળ એ. ૬–૨૧ ગુંઠા તથા (૬)સર્વે, બ્લોક નં.૧૮૯૦ ક્ષેત્રફળ એ.૧–૦૪ ગુંઠા (૭)સર્વે નં, બ્લોક નં.૧૮૮૭ એ.૦–૨૯ ગુંઠા એમ કુલ જમીન એ.૧ ૫–૩૮ ગુંઠાવાળી ખેતીની જમીનો આવેલી છે. સદર જણાવેલી જમીનો અમો વાદીઓ તથા આ કામના પ્રતિવાદીઓની સહીયારી વણ વહેંચાયેલી છે. જે જમીન અમો વાદીના મૈયત પિતા હીરાભાઈ હરખાભાઈ સોમાભાઈ મકવાણા તથા અમારા માતૃશ્રી વાલીબેન હરખાભાઈ મકવાણાની આવેલી છે. આ કામના પ્રતિવીઓએ અમો વાદીનું નામ ફેરફાર નોંધ નં.૧૫૬૪ ૮ તા.૨૮/૫/૨૦૦૭ નારોજ વારસાઈની નોંધમાં અમો મૈયત હરખાભાઈ સોમાભાઈ મકવાણાના કાયદેસરના વારસદાર હોવા છતાં વારસદાર તરીકે દાખલ નહી કરી અમારું નામ કઢાવી નાંખી તથા અમોએ અમારી ઉપરોકત જણાવેલ મીલકતમાં આવતો અલગ હીસ્સો કાઢી આપવાનો પ્ર તિવાદીએ ઈન્કાર આજથી દસેક ઉપર કર્યો ત્યારથી થાય તે કરી લેવાની ધાક ધમકીઓ આપી ત્યારથી અરજીનું કારણ ઉત્પન્ન થયેલ છે તે હાલ જારી છે.

અમો વાદીનો                                   પ્રાયમાંફેસી કેસ છે. તથા બેલેન્સ ઓફ કન્વીનીયન્સ પણ અમો વાદીના લાભમાં છે તથા સગવડ અગવડનો સવાલ અમો વાદી પક્ષે છે. અમો વાદીને માંગ્યા મુજબનો મનાઈ હુકમ આપવામાં આવે તો પ્રા.વાદીઓને કોઈ નુકશાન જાય તેમ નથી. જો મનાઈ હુકમ આપવામાં ના આવે તો ઘણું નુકશાન થાય તેમ છે માટે અમો વાદીની મનાઈ અરજી મંજુર કરવાને પાત્ર છે. તેમ જણાવી સબબ દાદ માંગેલ છે કે, ઉપરોકત મનાઈ અરજીના પેરા–૧ માં જણાવેલી આ કામના પ્રતિવાદીઓ બીજા કોઈને વેચાણ, ગીરો કે અન્ય રીતે ટ્રાન્સફર કરે, કરાવે નહી તથા દાવાવાળી જમીનમાં આવેલ ઝાડો બીજા કોઈને વેચાણ કરે કરાવે નહી કે ઝાડો કાપે કપાવે નહી તથા દાવાવાળી જમીન ઉપર કોઈ બોજો ઉત્પન્ન કરે કરાવે નહી તેવો પ્રતિવાદીઓ તથા તેમના માણસો, નોકરો, એજન્ટો, એસાઈનીઓ વિરુધ્ધ તાકીદનો કામ ચલાઉ મનાઈહુકમ આપશોજી. તથા આપ નામદાર કોર્ટને યોગ્ય લાગે તેવી હરકોઈ દાદ આપશો તથા આ અરજીનું ખર્ચ અપાવવા દલીલો કરેલ છે.

(૧૦) પ્રતિવાદીઓ તરફે આંક–૧૪ થી જવાબ રજુ થયેલ છે. પ્રતિવાદીઓના વિ.વકીલશ્રી પી.બી.પરીખનાઓ દલીલો કરતા જણાવે છે કે, દાવાવાળી મીલકતની તા.૧૭/૧૧/૮૧ ના રોજ ઘરમેળે વહેંચણી કરવામાં આવેલ તે મુજબ તા.૨૨/૧/૮૨ ના રોજ ફેરફાર નોંધ નં.૧૧૨૧૫ થી તા.૨૨/૧/૮૨ ના રોજ મંજુર કરવામાં આવેલ છે અને ત્યારથી વહેંચણી મુજબ સૌ સૌનો કબજો ભોગવટો આવેલ છે. તે મુજબ દાવાવાળી મીલકતનો પ્રત્યક્ષ કબજો ભોગવટો અમો પ્રતિવાદીઓનો છે અને હાલ પણ સદર જમીનનો અમો પ્રતિવાદીઓ દર સાલ ખેડીને ઉપજ મેળવીએ છીએ. આમ, વાદીનો દાવો સમય મર્યાદા બહારનો છે તેમજ આ દાવો આપ નામદાર કોર્ટને

ચલાવવાની હકુમત કે અધિકાર આવેલ નથી. ફકત ટેનન્સી કોર્ટને અધિકાર આવેલ છે. વાદીઓએ જાણીબુઝીને અમો પ્રતિવાદીઓને હેરાન કરવા તેમજ ખોટા ખર્ચમાં ઉતારવા માટે આ દાવો કરેલ છે. વાદીઓનો દાવાવાળી મીલકત ઉપર કયારે અને કદાપી હકક અધિકાર હતો નહી અને છે નહી. છતાં પણ હાલ જમીનનોના ભાવ વધેલા હોવાથી વાદીની દાનત બગડી હોવાથી અમો પ્ર તિવાદીઓની જમીન પચાવી પાડવા માટે અને ખોટા ખર્ચમાં ઉતારવા માટે ખોટો દાવો કરેલ છે. વાદીએ તેમના ભાગમાં આવતી મીલકત જમીન વેચી મારેલ છે અને ફેરફાર નં.૧૫૬૪૮ તા.૨૮/૫/૨૦૦૭ નારોજ પાડવામાં આવેલ છે. જેથી આ એન્ટ્રી રદૃ કરવા માટે રેવન્યુ કોર્ટને હકુમત છે. આ કોર્ટને હકુમત નથી. વાદી પ્રત્યક્ષ કબજો બતાવતા નથી. પ્ર તિવાદીઓનો કબજો લેખિત લેખિત દલીલોમાં સ્વીકારેલ છે. આથી વાદી મનાઈ હુકમ મેળવવાના ત્રણેય આવશ્યક તત્વો પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોય, આંક–૫ નામંજુર કરવા દલીલો કરેલ છે.

(૧૧) બંને પક્ષે રજુ થયેલ દલીલો સાંભળી. દાવાનીની હકીકત અને સંજોગો ધ્યાને લીધા. આ કામે વાદીના પિતાનું નામ સેવા સહકારી મંડળી લીમીટેડના મીલકત પત્રકના પાન નં.૧૯ ઉપર આવેલ નં.૩૮ ઉપર આવેલ છે. આ કામે વાદીનો કબજો હોવા માટેના સંતોષકારક આધાર હાલના તબકકે રજુ રેકર્ડ ઉપરથી જણાતા નથી. આથી વાદી તરફે રજુ થયેલ ઓથોરીટી કુમાર કલ્યાણપ્રસાદ વિરુઘ્ધ કુલાનંદ વૈદિક એ.આઈ.આર. ૧૯ ૮૫ પેજ ૩૭૪ ના ચુકાદાની હકીકત અને સંજોગો હાલના દાવાની હકીકત અને સંજોગોથી અલગ પડતા હોય આ ચુકાદો હાલના કામમાં લાગુ પડતો નથી.

(૧૨) આ કામે ફેરફાર નોંધ નંબર ૧૧૨૧૫ તા.૨૨/૧/૧૯૮૨ નારોજ વહેંચણીની મંજુર થયેલાનું જણાય છે. તે મુજબ પ્રતિવાદીઓનો કબજો હોવાનું હાલના તબકકે જણાય છે. ફેરફાર નોંધ નં.૧૫૬૪ ૮ તા.૨૮/૫/૨૦૦૭ જોતાં સદરહું મીલકતો વાદીની હોવાનું હાલના તબકકે જણાતું નથી. વાદીનો દાવો સમય મર્યાદામાં છે કે નહી તે પુરાવો લીધા પછી નકકી થાય તેમ છે. ફેરફાર નોંધ નં.૧૫૬૪૮ તા.૨૮/૫/૨૦૦૭ ની એન્ટ્રી સામે રેવન્યુ કોર્ટ સમક્ષ વાદીએ કોઈ એન્ટ્રી ચેલેન્જ કર્યાનું રેકર્ડ ઉપરથી જણાતુ નથી. આથી, વાદી તરફે રજુ થયેલ દલીલો સ્વીકારવા યોગ્ય જણાતી નથી. જયારે પ્રતિવાદીઓ તરફે રજુ થયેલ દલીલો સ્વીકારવા યોગ્ય જણાય છે. વાદી મનાઈ હુકમ મેળવવાના ત્રણેય આવશ્યક તત્વો મુદ્દા મુજબના પુરવાર કરવામાં હાલના તબકકે નિષ્ફળ ગયેલ છે. આથી, મુદ્દા નં.૧ થી ૩ નો જવાબ નકારમાં આપવામાં આવે છે. જયારે મુદ્દા નં.૪ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## –:: હુ ક મ ::–

આથી વાદીઓની આંક–૫ ની અરજી નામંજુર કરવામાં આવે છે.

અરજીનો ખર્ચ દાવાના આખરી પરિણામને અનુસરશે.

ઉપરોકત હુકમ આજ તારીખ.૨૧, માહે.જાન્યુઆરી, સને.૨૦૧૫ નારોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ:– ખેડા.
તારીખ.૨૧/૧/૨૦૧૫. ( મિનેષકુમાર વિનોદચંદ્ર પટેલ )

પ્રિન્સીપાલસીવીલ જજ

જયુ.મેજી.ફ.ક.

અને

ખેડા.

GJ0067

0

બી.કે.પરમાર
(સ્ટેનોગ્રાફર)